# પરિસ્થિતિ વિજ્ઞાની (ઇકોલોજિસ્ટ)

ઈકોલોજિસ્ટ વનસ્પતિઓ, પ્રાણીઓ અને તેમના પર્યાવરણ વચ્ચેના પરસ્પરના સંબંધનો અભ્યાસ કરે છે. પર્યાવરણની જરૂરિયાતોને સંતુલિત કરવાથી લઈને જમીન વ્યવસ્થાપન માટેની સંકલ્પનાઓ તેમજ નૂતન વિચારો રજૂ કરવાના ઉદ્દેશ્ય સાથે તેઓ કામગીરી કરે છે. એક ઈકોલોજિસ્ટ તરીકે, સામાન્ય રીતે તમે ચોક્કસ પ્રકારના પર્યાવરણના નિષ્ણાત હશો, ઉદાહરણ તરીકે દરિયાઇ અથવા દરિયાકાંઠાના વિસ્તારોનું પર્યાવરણ અથવા ચોક્કસ પ્રાણી અથવા છોડની પ્રજાતિઓ વગેરે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમે કુશળ સંવાદકર્તા છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે ટીમમાં કામ કરવાનું પસંદ કરો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. ઈકોલોજી/પર્યાવરણ વિજ્ઞાન/બોટની/ઝુઓલોજી/ફોરેસ્ટ્રી અથવા સંબંધિત વિષયમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.
**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતક (M.Sc.) અને પી.એચ.ડી. ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઈકોલોજિસ્ટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૪૪,૦૦૦ થી ૮૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/ecologist/india/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંશોધન સંસ્થાઓ, વન વિભાગ, કૃષિ સંશોધન વિભાગો અને કેન્દ્રો સહિત અન્ય સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમે જુનિયર ઈકોલોજિસ્ટની ટીમનું સંચાલન કરી શકો છો. સ્થાનિક મુસાફરી એ તમારી ભૂમિકાનો એક ભાગ છે. પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ અને સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૯ થી ૧૦ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → જુનિયર ઈકોલોજિસ્ટ → ઈકોલોજિસ્ટ → સિનિયર ઈકોલોજિસ્ટ → વિભાગના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એન્વાર્યમેન્ટલ બાયોલોજિસ્ટ, પ્લાન્ટ ઈકોલોજિસ્ટ, એનિમલ ઈકોલોજિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈકોલોજી અને પર્યાવરણ વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. રાજસ્થાન યુનિવર્સિટી
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૪. દિલ્હી યુનિવર્સિટી
૫. અન્નામલાઈ યુનિવર્સિટી, તમિલનાડુ
૬. કલકત્તા યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૭. ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગલુરૂ
૮. એ.એ.યુ., આણંદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. વી.જે.ટી.આઈ. મુંબઈ (ડિપ્લોમા)
૩. સિંઘાનિયા યુનિવર્સિટી, રાજસ્થાન (ડિપ્લોમા)
૪. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૫. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૭. એસ.આર.એમ. યુનિવર્સિટી ચેન્નાઈ
૮. એમ.આઈ.ટી. મણિપાલ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=ecology/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**કાર્તિક શંકર** ઈકોલોજિસ્ટ છે અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, બેંગલુરૂમાં પ્રોફેસર છે. તેઓ 'સૂપ ટુ સુપરસ્ટાર: ધ સ્ટોરી ઓફ સી ટર્ટલ કન્ઝર્વેશન અલોંગ ધ ઈન્ડિયન કોસ્ટ' પુસ્તકના લેખક છે. તેમણે અનુક્રમે મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ અને મદ્રાસ યુનિવર્સિટીમાંથી પ્રાણીશાસ્ત્રમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી હાંસલ કરેલ છે અને નાના સસ્તન પ્રાણીઓ પર આઈ.આઈ.એસ.સી.માંથી પી.એચ.ડી. કર્યું છે.*

સ્ત્રોત:https://nanopdf.com/download/on-sea-turtles-centre-for-ecological-sciences_pdf

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.